જ્ઞાન અને વિદ્યા પ્રાપ્ત કરવાના શિષ્ટાચાર

એક પ્રસંગ છે, રસૂલુલ્લાહ ﷺ પ્રવચન કરી રહ્યા હતા. એક સહાબી હઝરત અબૂ રિફાઅ ؓ આવ્યા અને કહેવા લાગ્યા : હે રસૂલુલ્લાહ ﷺ ! એક અજાણ્યો માણસ, જેને પોતાના દીન વિશે કંઈ ખબર નથી, આપથી દીન શીખવા માગે છે. આ સાંભળીને રસૂલુલ્લાહ ﷺ તેના તરફ વળ્યા. પ્રવચન અટકાવી દીધું અને હઝરત અબૂ રિફાઅ ؓ ને દીનના મામલાઓ સમજાવવા લાગ્યા. જ્યારે તે બરાબર સમજી ગયા, તો આપ ﷺ એ ફરીથી પ્રવચન શરૂ કરી દીધું.

રસૂલુલ્લાહ ﷺ ના આ દુનિયામાંથી જતા રહ્યા પછી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ؓ રસૂલુલ્લાહ ﷺ ની હદીસોને ખૂબ સાવધાનીપૂર્વક એકત્ર કરતા હતા. જ્યારે પણ ખબર પડતી કે કોઈ વ્યક્તિ રસૂલુલ્લાહ ﷺ ની હદીસને જાણે છે, તેઓ તેના ઘર જતા. જો તે ઊંઘી રહ્યો હોય તો તેના દરવાજાના બહાર બેસીને તેના જાગવાની રાહ જોતા, ત્યાં સુધી કે તેમના કપડાં ધૂળવાળા થઈ જતા. મુલાકાત થતી તો તે વ્યક્તિ તેમને કહેતો કે હે વ્હાલા સુપુત્ર ! તમે અકારણ તકલીફ ઉઠાવી. મને આદેશ કરતા, હું પોતે જ સેવામાં હાજર થઈ જતો. તેઓ ફરમાવતા : ના, ના – ! તમારા પાસે રસૂલુલ્લાહ ﷺ ની હદીસ છે, આ મારું કર્તવ્ય છે કે તમારા પાસે ચાલીને આવું અને રસૂલુલ્લાહ ﷺ ની હદીસ પ્રાપ્ત કરું. (હાકિમ)

ઈસ્લામમાં ‘ઈલ્મ’ (જ્ઞાન અને વિદ્યા)નું સ્થાન ખૂબ ઉચ્ચ છે. કુર્આને-કરીમની સૌપ્રથમ આયત જે અવતરિત થઈ તે જ્ઞાન-પ્રાપ્તિ વિશે છે :

﴿ اقْرَأْ بِاسْمِ رَبِّكَ الَّذِي خَلَقَ ۝١ ﴾ العلق: ١

અનુવાદ : ‘‘પઢો, પોતાના રબના નામથી.’’ (સૂરઃ અલક, આ.૧)

અલ્લાહ તઆલાએ સોગંદ ખાધા તો કલમના સોગંદ ખાધા, ફરમાવ્યું :

﴿ نٓ وَالْقَلَمِ وَمَا يَسْطُرُونَ ۝١ ﴾ القلم: ١

અનુવાદ : ‘‘સોગંદ છે કલમના, અને તેના જે કંઈ કે તેઓ (ફરિશ્તાઓ) લખે છે.’’ (સૂરઃ કલમ, આ.૧)

આ જ પ્રમાણે હદીસમાં જ્ઞાન અને વિદ્યાને મહાન દરજ્જો આપવામાં આવ્યો છે. તેથી જ્ઞાન-પ્રાપ્તિ માટે દોડધૂપ અને મહેનતને જન્નત સુધી જવાવાળો માર્ગ બતાવવામાં આવેલ છે. નબી ﷺ નો ઈરશાદ છે :

«مَنْ سَلَكَ طَرِيقًا يَلْتَمِسُ فِيهِ عِلْمًا، سَهَّلَ اللَّهُ لَهُ طَرِيقًا إِلَى الْجَنَّةِ» [بخاري، ابوداؤد، ترمذي]

અર્થાત્, જે જ્ઞાન-પ્રાપ્તિ માટે સફર કરે છે, અલ્લાહ તઆલા તેના માટે જન્નતનો માર્ગ સરળ કરી નાખે છે. (બુખારી, અબૂ દાઊદ, તિરમિઝી)

www.uzaifalahi.com

જ્ઞાન અને વિદ્યા એક એવી વસ્તુ છે, જેનો અજ્ર-સવાબ (બદલો અને પુણ્ય) જ્ઞાન પ્રાપ્ત કરનારના મૃત્યુ પછી પણ ચાલુ રહે છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

« إِذَا مَاتَ الإِنْسَانُ انْقَطَعَ عَنْهُ عَمَلُهُ إِلاَّ مِنْ ثَلاَثٍ: إِلاَّ مِنْ صَدَقَةٍ جَارِيَةٍ أَوْ عِلْمٍ يُنْتَفَعُ بِهِ أَوْ وَلَدٍ صَالِحٍ يَدْعُو لَهُ» [مسلم]

અર્થાત્, માનવી જ્યારે મૃત્યુ પામે છે, તો તેના કર્મોનો સિલસિલો સમાપ્ત થઈ જાય છે, અલબત્ત ત્રણ પ્રકારના કર્મોનો સિલસિલો ચાલતો રહે છે – પ્રથમ : સદકએ જારિયા, દ્વિતીય : એવું જ્ઞાન જેનાથી લોકો ફાયદો ઉઠાવી રહ્યા હોય, તૃતીય : એ સદાચારી સંતાન જે તેના માટે દુઆ કરતી રહે. (મુસ્લિમ)

જ્ઞાન અને વિદ્યા પ્રાપ્ત કરનારને ફરિશ્તાઓ પોતાની પાંખોથી ઢાંકી લે છે. હઝરત સફવાન બિન અસ્સાલ અલ-મરાદી رضي الله عنه ની રિવાયત છે કે હું રસૂલુલ્લાહ ﷺ ની પાસે આવ્યો. આપ ﷺ મસ્જિદે-નબવીમાં ટેકો લગાવીને બેસ્યા હતા. આપના ઉપર લાલ રંગની ચાદર હતી. મેં આપ ﷺ ને કહ્યું કે હે રસૂલુલ્લાહ ﷺ ! હું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે હાજર થયો છું. આપ ﷺ એ મારું અભિવાદન કર્યું અને ફરમાવ્યું : વિદ્યાર્થીને ફરિશ્તાઓ પોતાની પાંખોથી ઢાંકી લે છે. (અહમદ, તબરાની)

જ્ઞાન અને વિદ્યાના બે પ્રકાર હોય છે. એક તો એ, જેનાથી કોઈ મુસ્લિમ નિરપેક્ષ હોઈ જ શકતો નથી. આ તેના દીન (ધર્મ)નું જ્ઞાન છે, જેનાથી તે પોતાના રબનો પરિચય પ્રાપ્ત કરે છે અને પોતાના નબીના જીવન-ચરિત્રની જાણકારી આ જ્ઞાનથી મળે છે અને દીનની માહિતી પ્રાપ્ત થાય છે. આને 'ફર્ઝે ઐન' (મુખ્ય અનિવાર્ય કર્તવ્ય) કહે છે.

બીજો પ્રકાર એ, જેને અમુક લોકો માટે જાણવું જરૂરી હોય છે અને તેમાં નિપુણતા અનિવાર્ય હોય છે; જેમ કે હુન્નર અને ઉદ્યોગનું જ્ઞાન, ખેતીનું જ્ઞાન તેમજ વૈદ્યકીય (મેડિકલ) જ્ઞાન વગેરે.

જ્ઞાન દ્વારા જ અલ્લાહ તઆલાનો વાસ્તવિક પરિચય પ્રાપ્ત થઈ શકે છે. આ જ કારણ છે કે જ્ઞાનીઓ અને વિદ્વાનો જ અલ્લાહ તઆલાથી સાચા અર્થમાં ડરે છે. કુર્આનનો ઈરશાદ છે :

﴿ إِنَّمَا يَخْشَى ٱللَّهَ مِنْ عِبَادِهِ ٱلْعُلَمَٰٓؤُاْ ﴿٢٨﴾ ﴾ فاطر: ٢٨

અનુવાદ : ''અલ્લાહથી તેના એ જ બંદાઓ ડરે છે, જેઓ જ્ઞાન ધરાવે છે.'' (સૂરઃ ફાતિર, આ.૨૮)

જ્ઞાન-પ્રાપ્તિના કટલાક શિષ્ટાચાર છે, જેને ધ્યાનમાં રાખવા જોઈએ :

ઈખ્લાસ (નિષ્ઠા અને નિખાલસતા) : જ્ઞાન પ્રાપ્ત કરનારના માર્ગમાં પહેલી વસ્તુ વિશુદ્ધ નિયત છે. જ્ઞાન પ્રાપ્ત કરવા માટેની નિયત પોતાની જાતનું પ્રદર્શન અને કીર્તિ ન હોય, ન તો તેનો એ હેતુ હોય કે વધારેમાં વધારે

www.uzairfalahi.com

જ્ઞાન પ્રાપ્ત કરીને અલ્પ-જ્ઞાનીઓ, સીધા-સાદા લોકો પર રૂઆબ જમાવશે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«إِنَّمَا الأَعْمَالُ بِالنِّيَّاتِ، وَإِنَّمَا لِكُلِّ امْرِئٍ مَا نَوَى» [متفق عليه]

અર્થાત્, કાર્યોનો આધાર નિયત પર છે. દરેકને એ જ મળે છે, જેની તે નિયત કરે છે. (મુત્તફિક અલયહિ)

અલ્લાહના રસૂલ ﷺ એ ઉમ્મત (મુસ્લિમ સમુદાય)ને બતાવ્યું કે સૌથી પહેલા જહન્નમમાં કોણ જશે. આપ ﷺ એ ફરમાવ્યું : એક એવા માણસને લાવવામાં આવશે, જેણે પોતે જ્ઞાન પ્રાપ્ત કર્યું અને બીજાઓને પણ શીખવાડ્યું અને કુર્આને-કરીમ પઢ્યું-પઢાવ્યું. અલ્લાહ ત્આલા પોતાની આ ને'મત (કૃપા)ને યાદ દેવડાવશે અને તે તેને ઓળખી પણ લેશે. અલ્લાહ પૂછશે કે આનું તેં શું કર્યું ? તે જવાબ આપશે કે મેં પોતે જ્ઞાન પ્રાપ્ત કર્યું અને બીજાઓને શીખવાડ્યું અને તારી પ્રસન્નતા માટે કુર્આન પઢ્યું. અલ્લાહ ત્આલા કહેશે : ના – તેં જૂઠ કહ્યું. તેં તો એટલા માટે જ્ઞાન પ્રાપ્ત કર્યું કે લોકો તને આલિમ (જ્ઞાની, વિદ્વાન) કહે. કુર્આન એટલા માટે પઢ્યું કે લોકો તને 'કારી' (કુર્આનને નિયમાનુસાર સુંદર અવાજમાં પઢનાર) કહે, તો દુનિયામાં લોકોએ તને 'આલિમ' અને 'કારી' કહી દીધું. પછી તેનો નિર્ણય કરી દેવામાં આવશે અને ઊંધા મોઢે ઘસડીને તેને જહન્નમમાં નાખી દેવામાં આવશે. (મુસ્લિમ)

લાભપ્રદ જ્ઞાનની અભિલાષા : રસૂલુલ્લાહ ﷺ ની પ્રખ્યાત દુઆ છે :

«اَللّٰهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنْ عِلْمٍ لَا يَنْفَعُ، وَمِنْ عَمَلٍ لَا يُقْبَلُ، وَمِنْ دُعَاءٍ لَا يُسْمَعُ»

[أحمد، ابن حبان، حاكم]

અર્થાત્, હે અલ્લાહ ! હું શરણ માગું છું એવા જ્ઞાનથી જે લાભપ્રદ ન હોય અને એવા અમલથી જે સ્વીકૃતિ પ્રાપ્ત ન કરી શકે અને એવી દુઆથી જે સાંભળવામાં ન આવે. (અહમદ, ઈબ્ને હબાન, હાકિમ)

જ્ઞાન અને વિદ્યાના સંદર્ભમાં કહેવામાં આવે છે કે જ્યાં સુધી જ્ઞાનનો અભિલાષી (તાલિબે-ઇલ્મ, વિદ્યાર્થી) પોતાને આ માર્ગ પર સંપૂર્ણપણે ન લગાવી દે, તેનો થોડો અંશ પણ તે પ્રાપ્ત કરી શકતો નથી. જ્ઞાન-પ્રાપ્તિ માટે સાતત્યપૂર્ણ સ્વભાવની આવશ્યકતા છે. તેના માટે વ્યવહારમાં સાતત્ય, દઢતા અને નિયમિતતા જરૂરી છે, કેમ કે માનવીનું આયુષ્ય ખૂબ ઓછું અને જ્ઞાન એક અસીમ સમુદ્ર છે. સંભવતઃ એટલા માટે જ કહેવત પ્રસિદ્ધ છે કે માતાના ખોળાથી કબર સુધી જ્ઞાન પ્રાપ્ત કરતા રહો.

જ્ઞાન અને વિદ્યા માનવીના અંતરાત્માને દુર્ગુણોથી પવિત્ર કરવાનું એક શક્તિશાળી સાધન છે. આ અલ્લાહનું 'નૂર' (જ્યોતિ) છે, જેને અલ્લાહ કેવળ પોતાના 'મુત્તકી' (ઈશનિષ્ઠ અને સંયમી) તેમજ સદાચારી બંદાઓને પ્રદાન કરે છે. તેથી મુસલમાન જ્ઞાનપિપાસુ પોતાના નફ્સ (મન)ની ગંદકીઓથી પોતાને દૂર રાખે તથા આદતો અને લક્ષણો, જેમ કે દ્વેષ, ઈર્ષ્યા, અહંકાર અને અભિમાન, આડંબર અને પાખંડ વગેરેથી યથાસંભવ બચે.

www.uzairalahi.com

કિશોરાવસ્થામાં જ્ઞાન-પ્રાપ્તિ ખૂબ લાભદાયી હોય છે : મગજની પાટી સરળ અને કોરી હોય છે. આ ઉંમરમાં જે કંઈ ભણવા-શીખવામાં આવે છે, તે તેના પર અમિટરૂપે અંકિત થઈ જાય છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું : જે બાળક જ્ઞાન-પ્રાપ્તિ અને ઈબાદતની વ્યસ્તતાઓમાં ઉછરે છે અને આ જ કરતાં-કરતાં મોટો થાય છે, તો અલ્લાહ ત્આલા કયામતના દિવસે તેને બોત્તરે સિદ્દીકો (સત્ય-નિષ્ઠો)ના બરાબર સવાબ પ્રદાન કરશે. (તબરાની) એક બીજી રિવાયત છે કે હઝરત કુબૈસા બિન મખારિક رضي الله عنه રસૂલુલ્લાહ ﷺ ની પાસે આવ્યા. આપ ﷺ એ તેમને પૂછ્યું કે કેમ આવવાનું થયું ? હઝરત કુબૈસા رضي الله عنه એ કહ્યું હે રસૂલુલ્લાહ ﷺ ! હું વૃદ્ધ થઈ ચૂક્યો છું, હાડકાઓ નબળા પડી ગયા છે, હવે હું ઈચ્છું છું કે આપ મને એ બધું શીખવાડી દો, જેના દ્વારા અલ્લાહ ત્આલા મને ફાયદો પહોંચાડે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું : હે કુબૈસા ! આ ઉદ્દેશ્ય માટે તમે જે રસ્તેથી આવ્યા છો, તેનો કણ-કણ અને પ્રત્યેક પાંદડું તમારા માટે માફીની દુઆ કરતા રહ્યા. હે કુબૈસા ! જ્યારે તમે ફજની નમાઝ પઢી લો તો ત્રણ વખત આ કલેમા سُبْحَانَ اللهِ الْعَظِيْمِ وَ بِحَمْدِهِ પઢી લેવાનું રાખો. તમે અંધત્વ, ચામડીના રોગો અને લકવાથી સુરક્ષિત રહેશો. હે કુબૈસા ! પોતાના રબથી આ દુઆ કરતા રહો :

«اللّهمَ إني أسألُكَ مِمّا عِندَك وأفُضِ عليَّ مِن فَضلِك وا نْشُرْ عليَّ رحمتَك وأنْزِلْ عليَّ مِن بركاتِك» [أحمد]

અર્થાત્, હે અલ્લાહ ! હું તારાથી એ બધું માગું છું, જે બધું તારા પાસે છે. મારા પર તારી કૃપા કર, તારી દયાઓની વર્ષા કર, તારી બરકતો અવતરિત કર. (અહમદ)

સાચા જ્ઞાનપિપાસુઓ (વિદ્યાર્થીઓ) પર દુનિયાની વ્યસ્તતાઓ અવરોધરૂપ નથી બનતી : સહાબા કિરામ પોતાના અન્ય કામો પૂરા કરતા અને જે સમય બચતો તેમાં જ્ઞાન પ્રાપ્ત કરતા તથા કુર્આન અને હદીસનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે રાતોમાં જાગતા. હઝરત અબૂ સઈદ ખુદરી رضي الله عنه ની રિવાયત છે કે તેમણે કહ્યું કે અમે યુદ્ધોમાં જતા અને એક-બે સાથીઓને રસૂલુલ્લાહ ﷺ ની પાસે હદીસો સાંભળવા માટે મૂકી જતા, પાછા આવીને તેઓ અમને રસૂલુલ્લાહ ﷺ ની હદીસો સંભળાવતા, પછી એ જ હદીસો અમે પણ વર્ણવતા કે રસૂલુલ્લાહ ﷺ એ આવું-આવું ફરમાવ્યું. (અસાકર) આનાથી ખ્યાલ આવે છે કે હલાલ (વૈધ) રોજીની દોડધૂપ અને જ્ઞાન-પ્રાપ્તિ માટેના સંઘર્ષમાં કોઈ ટકરાવ નથી.

જ્ઞાન અને વિદ્યાની પ્રાપ્તિ માટે ધૈર્ય અને સહનશીલતાની ખૂબ જરૂર હોય છે. નિઃસંદેહ, જ્ઞાન-પ્રાપ્તિનો માર્ગ ઘણો મુશ્કેલ છે. આ માર્ગમાં મુશ્કેલીઓ પર કાબૂ મેળવવા માટે ધૈર્ય એક શસ્ત્ર છે. જે વ્યક્તિ આનાથી વંચિત છે, તે જ્ઞાન અને વિદ્યાથી વંચિત રહી જાય છે. તેથી કહેવામાં આવે છે કે જે જ્ઞાન-પ્રાપ્તિ માટે શીશ ઝુકાવી ન શકે, તેને જીવનભર અજ્ઞાનતાની શરમ સહન કરવી પડે છે.

www.uzairfalahi.com

ક્રમબદ્ધતા : જ્ઞાન-પ્રાપ્તિમાં ક્રમબદ્ધતા જરૂરી છે. શીખવાની શરૂઆત આરંભિક વાતોથી થાય છે. જ્ઞાન અને વિદ્યાઓના ઊંડાણમાં જવાનો તબક્કો પછી આવે છે. તેનું ઉત્તમ રાહદર્શન અનુભવી શિક્ષક જ કરી શકે છે. એક નિખાલસ વિદ્યાર્થી જ્ઞાન અને વિદ્યાઓના શિખર ક્રમશઃ, એક-પછી-એક સર કરે છે અને એક દિવસ એવો આવે છે કે બધા પ્રકારની વિદ્યાઓ પર તેને પૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત થઈ જાય છે.

તજજ્ઞતા - નિપુણતા : મુસલમાન જ્યારે કોઈ વિદ્યામાં નિપુણતા પ્રાપ્ત કરવા માગે, તો તેણે સૌથી શ્રેષ્ઠ અને લાભદાયક વિદ્યા-શાખાની પસંદગી કરવી જોઈએ. આ સંદર્ભમાં તેણે પોતાની સ્વાભાવિક પસંદ અને અંગત રુચિ-અભિરૂચિઓનું પણ ધ્યાન રાખવું જોઈએ. કહેવામાં આવે છે કે જો તમે ઇચ્છો છો કે આલિમ (વિદ્વાન) બની જાઓ, તો દરેક વિદ્યા શીખો, કોઈપણ વસ્તુ છુટવા ન પામે, અને જો તમે ઇચ્છો છો કે નિષ્ણાત અને નિપુણ બની જાઓ, તો એક વિશેષ વિદ્યા-શાખાની પસંદગી કરી લો અને બધાની પાછળ ન પડો.

યાદશક્તિ : જ્ઞાન અને વિદ્યામાં ચિંતન-મનન અને મંથનની સાથે યાદશક્તિ અત્યંત આવશ્યક છે અને આ જ અપેક્ષિત પણ હોવું જોઈએ. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«نَضَّرَ اللَّهُ امْرَأً سَمِعَ مِنَّا حَدِيثًا فَحَفِظَهُ حَتَّى يُبَلِّغَهُ غَيْرَهُ فَرُبَّ حَامِلِ فِقْهٍ إِلَى مَنْ هُوَ أَفْقَهُ مِنْهُ وَرُبَّ حَامِلِ فِقْهٍ لَيْسَ بِفَقِيهٍ» [الترمذي]

અર્થાત્, અલ્લાહ ત્આલા એ વ્યક્તિને ખુશ અને આનંદમાં રાખે, જેણે અમારાથી કોઈ વાત સાંભળી અને તેને યાદ રાખી અને તેને બીજાઓ સુધી પહોંચાડી, કેમ કે ક્યારેક બીજો વ્યક્તિ એનાથી વધારે સમજદાર હોય છે, જ્યારે કે દરેક એવો નથી હોતો. (તિરમિઝી)

નોંધ ટપકાવવી / નોંધવું : કહેવામાં આવે છે કે જ્ઞાન અને વિદ્યાની સુરક્ષા લખવાથી થાય છે. કહેવત છે કે જ્ઞાન એક શિકાર છે અને લેખ તેની સાંકળ. વિદ્યાર્થી માટે આવશ્યક છે કે તે જે કંઈ જાણકારી મળેવે તેને લખી લે, જેથી ભૂલી જવાની આશંકા ન રહે. જાણકારીને લખી લેવાનો પણ એક નિયમ છે, અને તે એ છે કે દરેક પ્રમાણિત કે અપ્રમાણિત જાણકારીને લખી લેવાને બદલે પસંદ કરેલ વસ્તુને લખી લે. કહે છે કે એક શિક્ષક કે વિદ્વાનની પાસે ત્રણ પ્રકારના વિદ્યાર્થીઓ બેસેલા હોય છે : પહેલો એ જે જેટલું સાંભળે, એ બધાને એકત્ર કરે છે. બીજો એ જે બધું જ સાંભળે છે અને કંઈ પણ નથી લખતો. ત્રીજો એ જે શોધખોળ અને તપાસ કરીને જે જરૂરી અને મહત્ત્વનું હોય એ જ એકત્ર કરે છે, અને આ જ આ ત્રણમાંથી સૌથી સારો છે.

ચર્ચા-વિચારણા અને સંદર્ભ : હઝરત મઆઝ બિન જબલ رضي الله عنه કહે છે : લોકો ! જ્ઞાન પ્રાપ્ત કરો, કેમ કે અલ્લાહ માટે તેની પ્રાપ્તિ 'ખશિયત' (ઈશનિષ્ઠા) છે, તેની પ્રાપ્તિ ઇબાદત છે અને તેની ચર્ચા 'તસ્બીહ' (અલ્લાહના નામનું સ્મરણ) અને તેની શોધ અને અભિલાષા જિહાદ (ઈશમાર્ગમાં સંઘર્ષ અને તનતોડ મહેનત) છે. વધુમાં

જે ન જાણે, તેની શીખવાડવું સદકો (ધર્મ-દાન) અને યોગ્ય લોકો માટે તેનો ઉપયોગ અલ્લાહની નિકટતાનું કારણ છે.

જ્ઞાન-પ્રાપ્તિમાં સમયનું આયોજન : જ્ઞાન-પ્રાપ્તિમાં સમયના આયોજન વગર ગંભીરતા અને સફળતા અસંભવ છે. તેને પરિણામદાયી બનાવવા અને પૂર્ણતાએ પહોંચાડવા માટે સમયનું આયોજન જરૂરી છે. મુસલમાનનું દરેક કામ આમ પણ આયોજનબદ્ધ હોય છે. રાત અને દિવસમાં પાંચ વખતની નમાઝ તેનું સૌથી ઉમદા ઉદાહરણ છે. જ્ઞાન અને વિદ્યાની પ્રાપ્તિમાં આનું ખૂબ જ ધ્યાન રાખવું જોઈએ.

જ્ઞાન-પ્રાપ્તિની રાહમાં શરમાવાથી મંજિલ સુધી પહોંચવામાં વિલંબ થાય છે : અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ فَسْـَٔلُوٓا۟ أَهْلَ ٱلذِّكْرِ إِن كُنتُمْ لَا تَعْلَمُونَ ﴿٤٣﴾ ﴾ النحل: ٤٣

અનુવાદ : ''બસ, જો તમે નથી જાણતા તો જ્ઞાન રાખવાવાળાઓને પૂછો.'' (સૂરઃ નહ્લ, આ.૪૩)

હઝરત આઈશા ﷻ ફરમાવે છે : અન્સારી મહિલાઓ કેટલી સારી છે ! દીનમાં સૂઝબૂઝ પેદા કરવામાં 'હયા' (લજ્જા, શરમ) તેમના માટે અવરોધ નથી બનતી. મુસલમાનની ઓળખ હોય છે કે તે વધારે જાણકારી માટે પ્રશ્ન કરે છે. જાણવા માટે જ્ઞાની અને વિદ્વાનોને પ્રશ્ન કરવા તેના માટે શરમનું કારણ નથી હોતું, કેમ કે તે જાણે છે કે જ્ઞાન અને વિદ્યા એક ખજાનો છે અને આ ખજાનાની ચાવી પ્રશ્ન છે.

જ્ઞાન-પ્રાપ્તિ માટે દોડધૂપ : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ ﷻ ફરમાવે છે કે મને જાણકારી મળી કે એક વ્યક્તિની પાસે રસૂલુલ્લાહ ﷺ ની હદીસ છે. મેં તેને મળવાનો ઈરાદો કર્યો. સફર માટે એક ઊંટ ખરીદ્યું. એક મહિનાની મુસાફરી કરીને શામ (સીરિયા) દેશ પહોંચ્યો. ત્યાં ખબર પડી કે તે વ્યક્તિ હઝરત અબ્દુલ્લાહ બિન અનીસ ﷻ છે. મેં ચોકીદારને કહ્યું કે જાઓ, કહો કે દરવાજા પર જાબિર ઊભો છે. અંદરથી કહેવામાં આવ્યું કે કોણ જાબિર, અબ્દુલ્લાહનો પુત્ર ? મેં હકારમાં જવાબ આપ્યો. તેઓ જલ્દીથી કપડાં ઠીકઠાક કરીને બહાર આવ્યા. અમે બંને એક-બીજાના ગળે મળ્યા. મેં કહ્યું કે સાંભળ્યું છે કે તમે રસૂલુલ્લાહ ﷺ પાસેથી 'કિસાસ' (હત્યા-દંડ) વિશે કોઈ હદીસ સાંભળી છે ? મને આશંકા થઈ કે કદાચ, તમે કે હું, કોઈનું અવસાન થઈ જાય અને હું આ હદીસથી વંચિત રહી જાઉં. તે પછી હઝરત અબ્દુલ્લાહ બિન અનીસ ﷻ એ હદીસ બતાવી. (અહમદ, તબરાની)

આ જ પ્રમાણે હઝરત ઉબૈદુલ્લાહ બિન અદી ફરમાવે છે કે મને ખબર પડી કે હઝરત અલી ﷻ એક હદીસ જાણે છે. મને આશંકા થઈ કે જો તેમનું મૃત્યુ થઈ જાય તો હું એ હદીસ કોઈ બીજાથી નહીં સાંભળી શકું. તેથી હું ચાલી નીકળ્યો, ત્યાં સુધી કે તેમના પાસે ઈરાક પહોંચી ગયો. (ખતીબ)

આ જ રીતે હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ ﷻ ફરમાવે છે કે જો મને ખબર પડી જાય કે કોઈ વ્યક્તિ

www.uzairfalahi.com

રસૂલુલ્લાહ ﷺ પર જે અવતરિત થયું તેનો વધારે જાણકાર છે, અને તેના સુધી ઊંટ પર સફર કરીને પહોંચી શકાય છે, તો હું મારા જ્ઞાનમાં વધારો કરવા માટે તેના સુધી અવશ્ય પહોંચીશ. (ઇબ્ને અસાકર)

ઈમામ શા'બી رحمه الله કહે છે કે જો કોઈ વ્યક્તિ 'હિકમત' (ડહાપણ, બુદ્ધિમત્તા)ની માત્ર એક વાત સાંભળવા માટે શામ (સીરિયા)ના ઉપરના વિસ્તારથી યમનના અત્યંત ખૂણાના પ્રદેશનો સફર કરે, તો હું નથી સમજતો કે તેનો સફર નિરર્થક રહ્યો.

જ્ઞાન અનુસાર અમલ : અલ્લાહ તૂઆલાએ એવા લોકોની આલોચના કરી છે, જેઓ ઇલ્મ (જ્ઞાન) તો રાખે છે, પણ તેના પર અમલ નથી કરતા. આવા લોકોને અલ્લાહે એવા ગધેડાની ઉપમા આપી છે, જેની પીઠ પર પુસ્તકો લદાયેલ હોય. અલ્લાહ તૂઆલાનો ઇરશાદ છે :

﴿مَثَلُ ٱلَّذِينَ حُمِّلُوا۟ ٱلتَّوْرَىٰةَ ثُمَّ لَمْ يَحْمِلُوهَا كَمَثَلِ ٱلْحِمَارِ يَحْمِلُ أَسْفَارًۢا ۚ ﴿٥﴾﴾ الجمعة: ٥

અનુવાદ : ''જે લોકોને તૌરાત પર અમલ કરવાનો આદેશ આપવામાં આવ્યો, પછી તેમણે તેના પર અમલ ન કર્યો. શું આ લોકોનું ઉદાહરણ એ ગધેડાનું નથી, જેના પર અસંખ્ય પુસ્તકો લદાયેલા હોય.''
(સૂર: જુમુઆ, આ.૫)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿أَتَأْمُرُونَ ٱلنَّاسَ بِٱلْبِرِّ وَتَنسَوْنَ أَنفُسَكُمْ وَأَنتُمْ تَتْلُونَ ٱلْكِتَـٰبَ ۚ أَفَلَا تَعْقِلُونَ ﴿٤٤﴾﴾ البقرة: ٤٤

અનુવાદ : ''શું (તમે) લોકોને ભલાઈઓનો આદેશ આપો છો અને પોતાને ભૂલી જાઓ છો, એમ છતાં કે તમે ગ્રંથનું પઠન કરો છો ? શું આટલી પણ તમારામાં સમજ નથી ?'' (સૂર: બકરહ, આ.૪૪)

મુસલમાન એ બાબત પર ઈમાન રાખે છે કે કાલે, આજના જીવન વિશે તેની પૂછપરછ કરવામાં આવશે. અલ્લાહના રસૂલ ﷺ ની હદીસ છે :

«لَا تَزُولُ قَدَمَا عَبْدٍ يَوْمَ الْقِيَامَةِ حَتَّى يُسْأَلَ عَنْ عُمُرِهِ فِيمَا أَفْنَاهُ وَعَنْ عِلْمِهِ فِيمَ فَعَلَ وَعَنْ مَالِهِ مِنْ أَيْنَ اكْتَسَبَهُ وَفِيمَ أَنْفَقَهُ وَعَنْ جِسْمِهِ فِيمَ أَبْلَاهُ» [الترمذي]

અર્થાત્, કયામતના દિવસે બંદાના પગ હલી શકશે નહીં, જ્યાં સુધી તે એ ન બતાવી દે કે તેણે પોતાની ઉંમર કયા કામમાં વીતાવી, પોતાના જ્ઞાનનું શું કર્યું અને ધન ક્યાંથી કમાવ્યું અને ક્યાં ખર્ચ કર્યું અને પોતાનું શરીર ક્યાં ખપાવ્યું. (તિરમિઝી)

www.uzairfalahi.com

ઉસ્તાદ (શિક્ષક)નો આદર : કહે છે કે શિક્ષક વિદ્યાર્થીનો આધ્યાત્મિક પિતા હોય છે. તેનો આદર અને તેનું માન-સન્માન વિદ્યાર્થી માટે અમૃત સમાન છે. જ્ઞાનના નગરમાં પ્રવેશ કરવો શિક્ષકના માર્ગદર્શન વગર સંભવ નથી. જો ઇતિહાસનો અભ્યાસ કરવામાં આવે, તો જાણવા મળશે કે પ્રત્યેક હોશિયાર અને સફળ વિદ્યાર્થીની પીઠ પર કોઈ-ને-કોઈ શિક્ષક અવશ્ય હોય છે. વિદ્યાર્થી શિક્ષકની દુઆઓને પાત્ર કેવળ શિક્ષકના આદર અને માન-સન્માન દ્વારા જ બની શકે છે.

દિલ લગાવીને સાંભળવું : હઝરત હસન બિન અલી ﷺ એ પોતાના સુપુત્રને શિખામણ આપતાં ફરમાવ્યું : ''હે મારા દીકરા ! જ્યારે આલિમોની મજલિસમાં બેસો તો બોલવા પર નજર રાખવાને બદલે સાંભળવા પર ધ્યાન આપો. જે રીતે તમે ચુપ રહેવાનું શીખ્યું છે, એ જ રીતે સારામાં સારી રીતે સાંભળવાનો ગુણ પોતાનામાં પેદા કરો.''

એક વિદ્યાર્થીનો હક્ક છે કે તે પ્રશ્ન કરે, પણ તેના માટે એ પણ જરૂરી છે કે તે પ્રશ્ન સમજવા માટે અને વધારેમાં વધારે જ્ઞાન પ્રાપ્ત કરવાની નિયતથી કરે, દલીલબાજી અને શિક્ષકને પજવવા કે તેની હાંસી ઉડાવવા માટે નહીં.

વિદ્યાર્થીએ પોતાના શિક્ષકની સામે શિષ્ટતા અને વિનય-વિવેક, સભ્યતા અને ગંભીરતાનું પ્રદર્શન કરવું જોઈએ. હસી-મજાક કરવી, આમ-તેમ ફાંફા મારવા કે બિનજરૂરી ઇશારાઓ કરવા વિદ્યાર્થીના ગૌરવ અને ગરિમાને શોભા આપતું નથી. એ જ પ્રમાણે શિક્ષકની સભામાં સાફ-સુથરા થઈને, યોગ્ય અને સભ્ય કપડાં પહેરીને જવું જોઈએ. કંઈક પૂછવું હોય, તો અગાઉથી અનુમતિ લેવી જોઈએ. એ જ પ્રમાણે વિદ્યાર્થીએ એક-બીજાની મશ્કરી ન કરવી જોઈએ, ન હાંસી ઉડાવવી જોઈએ, અને ન તો તેમનું અપમાન અને અનાદર થાય એવું કોઈ વર્તન કરવું જોઈએ. પરસ્પર ભાઈચારો અને પ્રેમ, હમદર્દી અને સહાનુભૂતિ તથા પરસ્પર આદર અને માન-સન્માનનો વ્યવહાર કરવો જોઈએ.

સારી રીતે જ્ઞાન અને વિદ્યા પ્રાપ્ત થઈ શકે તે માટે એ પણ જરૂરી છે કે પાઠશાળાના વર્ગ-ખંડો હવા-ઉજાસવાળા હોવા જોઈએ, ત્યાંનું વાતાવરણ શાંત તેમજ શોરબકોરથી અલિપ્ત હોવું જોઈએ. વિદ્યાર્થીઓએ બિસ્તર પર જ ચર્ચા અને સંવાદથી બચવું જોઈએ. આનાથી સુસ્તી, આળસ અને નિષ્ક્રિયતાની આશંકા રહે છે. સારો અને મહેનતુ-ઉદ્યમી વિદ્યાર્થી પોતાના પુસ્તકો પણ સાફ-સુથરા અને વ્યવસ્થિત રાખે છે. પુસ્તકીયા કીડા બનવાથી સારું એ છે કે વિદ્યાર્થી પોતાના શરીરના આરામની પણ કાળજી રાખે અને એક-તરફી અભ્યાસથી બચીને બધા વિષયો માટે ઉચિત સમયની ફાળવણી કરે.

www.uzaifalahi.com